અરજી નં.૩૪૯ તા.૨૦–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ તા.૨૭–૧–૦૯ની શ્રી ગુલામભાઈ મેમણ અરજીથી સીંગણપોર ગામમાં આવેલ નવા મહોલ્લામાં હરીદર્શન સોસાયટીની સામે મહેક ડેન્સી નામના ચાલતાં પ્રોજેકટ તેમજ આજુ બાજુમાં ચાલતાં નવા બાંધકામના સર્વે નંબર, એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? અને કેટલી? જગ્યાના માલિક તથા આર્કીટેકના નામ સરનામાં , બાંધકામ કયારે પાસ થયું, કોના નામે પાસ થયું ,કયા અધિકારીએ પાસ કર્યુ તેમના નામ સરનામાં,અને ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૯/ ૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૭–૧–૦૯ની અરજીથી સીંગણપોર ગામમાં આવેલ નવા મહોલ્લામાં હરીદર્શન સોસાયટીની સામે મહેક ડેન્સી નામના ચાલતાં પ્રોજેકટ તેમજ આજુ બાજુમાં ચાલતાં નવા બાંધકામના સર્વે નંબર, એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? અને કેટલી? જગ્યાના માલિક તથા આર્કીટેકના નામ સરનામાં , બાંધકામ કયારે પાસ થયું, કોના નામે પાસ થયું ,કયા અધિકારીએ પાસ કર્યુ તેમના નામ સરનામાં,અને ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગરેની માહિતી આપવા બાબતે માહિતી સમજણ બહારની ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૦ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને તથા મુદ્દા નં.૫ અને ૬ અંગે આધાર અને વાજબીપણા રજુ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ પૂરક માહિતી અત્રેના વિભાગને મળેલ નથી તેમજ અરજદારે પત્ર સંદર્ભે કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી.

અરજદારની તા.૨૧–૧–૦૯ ની અરજી પૈકી મુદ્દા નં.૧ માં સીંગણપોર ગામમાં આવેલ નવા મહોલ્લામાં હરીદર્શન સોસાયટીની સામે મહેક ડેન્સી નામના ચાલતાં પ્રોજેકટ તેમજ આજુ બાજુમાં ચાલતાં નવા બાંધકામના સર્વે નંબરની માહિતી માંગવામાં આવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ મહેક રેસીડેન્સી નામના ચાલતાં પ્રોજેકટના સર્વે નંબરની માહિતી પુરી પાડેલ છે .જયારે આજુ બાજુના નવા બાંધકામ બાબતે અરજીમાં કોઈ નામ નંબર જણાવેલ નથી તેથી તેવી વિગત જણાવવા અરજદારને જણાવેલ છે. અરજદારને જો તે માહિતી જોઈતી હોય તો તે જાહેર માહિતી અધિકારીને નામ નં બર જણાવ્યેથી મેળવી શકે છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે. આ સિવાયના મુદ્દા નં.ર થી ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માંગ્યા મુજબ દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ છે. અરજદારે અપીલમાં રજુ કરેલ ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી અંગે પત્ર લખી વાજબીપણું રજુ કરવાની તક આપવા છતાં રજુ કરેલ નથી.

### ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૭–૧–૦૯ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે ચોકકસ વિગત જણાવેલ મુદ્દા નં.૧ ની અંશતઃ માહિતી પુરી પડાયેલ છે જયારે અસ્પષ્ટ અને સંદિગ્ધ વિગતો ધરાવતી બાબતે નામ, નંબર આપ્યેથી જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. અરજદાર તે અંગે ઈચ્છુક હોય તો દિન–૭ માં ચોકકસ વિગતો જાહેર માહિતી અધિકારીને પૂરી પાડી નિયત ફી ભરીને માહિતી મેળવી શકે છે. તે સિવાયના મુદ્દા નં.ર થી ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે જેથી માહિતી પૂરી પાડવા અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જેથી અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,